
દાદા ભગવાન પરિવારનું

સપ્ટેમ્બર ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# મશ્કરી...કેમ નહીં ?



## સંપાદકીય



બાળમિત્રો,

શું તમે કોઈની મશ્કરી કરો છો ? તો આમાંથી ખાસ શોધી કાઢો કે...
બીજાની મશ્કરી કરવાથી જાયન્ટ્સનું શું થયું ?
નિખિલ કેવી રીતે અનાયાની મશ્કરી કરતો બંધ થઈ ગયો ?
અને એમાંય જે ટેન્ગોએ પણ પીંગો પાસેથી મશ્કરી કેમ ન કરાય એ શીખી લીધું, એ તો ખરેખર ગ્રેટ કહેવાય.



આ ઉપરાંત આ અંકમાં એક પાત્ર તો એવું છે જેણે પોતાની મશ્કરી કરનારને એક જોરદાર પત્ર લખ્યો. એમાં શું લખ્યું જાણો છો ? ના, ના...એ હું નહીં કહું. એ તો તમારે વાંચવું જ પડશે.

તો ચાલો...આ બધું ઝટપટ વાંચી લઈએ....
રેડી...સ્ટેડી...એન્ડ ગો.....



- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved

વર્ષ : ૧૨, અંક : ૧
સળંગ અંક : ૧૩૩
સપ્ટેમ્બર ૨૦૧૯

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




# ટેંગો - પીંગો






હી હી હી...આ પીંગોની ચાલ તો જુઓ ! કોઈ એને લાકડી આપો. બિચારો પડી જશે.
રડતો રડતો પીંગો પોતાના ઘર તરફ ચાલી રહ્યો હતો ત્યાં સામે એને ઓપી મળ્યો.
શું થયું પીંગો ? કેમ રડે છે ?
જ્યારથી ટેન્ગો એથલેટીક ચેમ્પિયન બન્યો છે ત્યારથી બીજા બધાની બહુ મશ્કરી કરવા લાગ્યો છે. એમાંય મારી મશ્કરી કરવામાં તો એને બહુ જ મજા આવે છે.
મારી પાસે એક જાદુ છે.
શું ?
ઓપીએ પીંગોના કાનમાં એની જાદુઈ આઈડીયા કીધી.


ના, હું આવું નહીં કરી શકુ.
અરે, તું જોજે તો ખરા આ જાદુની અસર !
બીજા દિવસે,
કાલે બપોરે તળાવના કિનારે મેં જંગલના બધા પ્રાણીઓની રેસ રાખી છે. ટાઈમસર પહોંચી જજે.
પીંગોનો ચહેરો સાવ ફિક્કો પડી ગયો.
રેસમાં ભાગ લઈશ તો ટોન્ગોને મને ચીડવવાની વધુ મજા પડશે. જો હું ભાગ જ ન લઉં તો !
પણ હું શું કામ ટેન્ગોની મશ્કરીથી ડરું ? ઓપીનો જાદુ વાપરી તો જોઉં.
રેસના મેદાનમાં,
વેલ્કમ ટુ ધ રેસ, માય ડીયર ફ્રેન્ડ્સ. આજની રેસ જુદી છે. આજે રેસ જમીન પર નહીં પણ પાણીમાં થશે. ફીનીશ લાઈન તળાવને પેલે પાર છે.


પીંગોની ખુશીનો પાર ન રહ્યો.
એ તો ફટાફટ તરવા લાગ્યો. અને લાંબા અંતરની રેસ સરળતાથી જીતી ગયો.
FINISH
મહાપરાણે FINISH લાઈન સુધી પહોંચ્યો. એને થયું કે પીંગો હવે ચોક્કસ મારા પર હસશે.
પણ...
ટેન્ગો, તારે સ્વીમીંગ શીખવું છે ? હું તને શીખવાડીશ.
પીંગો, હું તારી કેટલી બધી મશ્કરી કરું છું છતાં તું મને સ્વીમીંગ શીખવવાની વાત કરે છે ? આઈ એમ વેરી સોરી.




તો શું હશે ઓપીનો જાદુ ? પીંગો તો સમજી ગયો. શું તમે સમજ્યા ? તો એ જાદુ તમે લખીને તેનો ફોટો પાડીને અમને આ Whatsapp No. 8155007480 પર મોકલી આપો.

# મને ઓળખી બતાવો

1

એક પર્વત એવો કે જે અગન ઓકતો જાય,
મોઢું ફાડે તો ગામોનો જે નાશ કરતો જાય

2

એક જળકૂકડી એવી, જે ડબક ડૂબકી મારે,
પચાસ માઈલ પાણીમાં ચાલી, તોપના ગોળા ખાળે

3


ઉપરથી ખાઓ અને
અંદરથી ફેંકી દો

4

બે બહેનો રોઈ રોઈને થાકી,
પણ ભેગી થઈ નહીં

ચિત્રમાં આપેલી વસ્તુઓ શોધો. 

# ચાલો રમીએ...



candle

key

fork

tack

carrot

rabbit

teacup

slice of pie

pencil

ring

fish

ice-cream cone

banana

nail

comb



# જ્ઞાનીઓ કહે છે...

## મશ્કરીનું નુકસાન શું ?



- કોઈની પ્રકૃતિની કચાશો હોય, દા.ત. કોઈ તોતડું બોલતો હોય અને આપણે એની મશ્કરી કરીએ તો એને બહુ મોટું અપમાન લાગે.
- એ મશ્કરીના દંડરૂપે આપણામાં એવી ડીફેક્ટ ઊભી થાય કે પછી લોકો આપણી મશ્કરી કરે.



## કેવી મશ્કરી કરવી જોઈએ ?

- નિર્દોષ ગમ્મત હોવી જોઈએ. કોઈ વ્યક્તિને ઘા વાગે નહીં એવી.

## મશ્કરી થઈ જાય તો ?

- બહુ પ્રતિક્રમણ કરવાના. વાળી આવવાનું કે તારા માટે મજાક થઈ ગઈ. દુઃખ ના લગાડીશ. મારી જ ભૂલ થઈ ગઈ. હવે નહીં કરું.





# નિખિલ & જાયન્ટ્સ



"સ્ક્રી......ચ," બસની બ્રેક વાગી અને અંદર બેઠેલા બાળકોને પાંખો આવી. બસ કેમ્પ ગ્રાઉન્ડ પર પાર્ક થઈ અને અંદર બેઠેલી પલટન બહાર ધસી આવી.


"ચાલો છોકરાઓ, પોત પોતાની બેગ્સ લઈને અંદર જાઓ. ત્યાં નાસ્તા-પાણી કરીને, તમને તમારી કેબીન્સ આપવામાં આવશે," કેમ્પીંગ કરવા આવેલા બાળકોને મધુ મેડમે સૂચના આપી.

"એય ચશ્મીશ ! આવા જાડા કાચમાંથી બેગના કલર્સ દેખાય છે, તને ? કોઈ બીજાની બેગ ઉપાડીને જતી ન રહેતી !" દર વખતની જેમ નિખિલે અનાયાની મશ્કરી કરી. અને દર વખતની જેમ નિખિલની વાતોની અસર થવા દીધા વગર અનાયા પોતાની બેગ લઈને ત્યાંથી નીકળી ગઈ.

નાસ્તા પાણી પત્યા એટલે બાળકોને તે દિવસના શેડ્યુલનું કાગળિયું આપવામાં આવ્યું. કાગળિયું લેવા અનાયા નિખિલ પાસેથી પસાર થઈ ત્યારે નિખિલને ફરી ટીખળ સૂઝી.

"ચલી, ચલી ઓ ચલી ચલી... ચાર આંખો વાલી અનાયા ચલી..." એક વિચિત્ર ટ્યુનમાં આ શબ્દો ગોઠવીને નિખીલે ગીત ગાયું અને પછી પોતાના દોસ્ત અમિતને હાઈ-ફાઈ આપી, બંને જોરથી હસી પડ્યા.

તે જ વખતે મધુ મેડમ ત્યાં દાખલ થયા.



'શું મેડમ સાંભળી ગયા હશે !' બધાના દિલમાં ધ્રાસકો પડ્યો. પણ મેડમે કોઈ ટકોર ન કરી એટલે એમને થોડી 'હાશ' થઈ.

કેમ્પ-ફાયર પાસે મજાની ગેમ્સ રમ્યા બાદ વારો આવ્યો સ્ટોરી ટેલીંગનો. બાળકો મધુ મેડમની આજુબાજુ ગોઠવાઈ ગયા.

"તો આજની વાર્તા છે, જાયન્ટ્સની," મધુ મેડમે એમની સ્ટાઈલમાં વાર્તા શરૂ કરી.

"જાયન્ટ્સની ગેંગ એક જાદુઈ નગરીમાં રહેતી હતી. આ જાયન્ટ્સ પાસે ગજબની શક્તિ હતી. શક્તિનો સદુપયોગ કરવાને બદલે તેઓ પોતાનો પૂરો સમય એક વૃદ્ધની મશ્કરી કરવામાં પસાર કરતા. ઉંમરને કારણે વૃદ્ધને બરાબર દેખાતું કે સંભળાતુ નહોતું. વૃદ્ધની ઉંમરનો કોઈ આદર રાખ્યા વગર જાયન્ટ્સ બેફામ બનીને વૃદ્ધને ચીડવતા.

એક જાદુગરને આ વાતની જાણ થઈ. એણે એવો જાદુઈ મંત્ર ફેંક્યો કે વૃદ્ધ માટે બોલેલો દરેક મશ્કરીનો શબ્દ વૃદ્ધને સાજો કરતો અને જાયન્ટ્સને એ જ શબ્દોની અવળી અસર થતી. જો કોઈ જાયન્ટ, વૃદ્ધને 'ડોસો' કહેતો, તો તે જ ક્ષણે વૃદ્ધ થોડો યુવાન બનતો અને જાયન્ટમાં ઘડપણનો ઉમેરો થતો. જાયન્ટ્સ, મશ્કરી કરવામાં એવા મસ્ત હતા કે એમને પોતાનામાં થતા ફેરફારનો ખ્યાલ જ ના આવ્યો.



સમય વીતતો ગયો અને જાયન્ટ્સ પોતાની જાણ બહાર ધરડા બની ગયા. જ્યારે જાદુગરે એમને એમનું રૂપ દેખાડ્યું ત્યારે તેઓ મશ્કરી કરવાનું બિહામણું પરિણામ જોઈને હેબતાઈ ગયા. જાદુગર પાસે કરગરીને તેમણે પોતાનું અસલી રૂપ પાછું માંગ્યું. પણ જાદુગર ટસનો મસ ન થયો. આખું જીવન તેઓ આવા બિહામણા બનીને રહ્યા.

વાર્તા પૂરી થઈ એટલે મધુ મેડમ બોલ્યા, ''ફ્રેન્ડસ, મશ્કરી કરવાના ભયંકર જોખમો છે. મશ્કરીના દંડ રૂપે આપણામાં જ એ ડીફેક્ટ ઊભી થાય. નિર્દોષ ગમ્મત કરો, પણ કોઈ વ્યક્તિની મશ્કરી ન જ થવી જોઈએ ! સમજાય છે ?''

અમિતે નિખિલના કાનમાં ધીમા અવાજે કહ્યું, ''લાગે છે, મધુ મેડમ આપણી મશ્કરીની વાતો સાંભળી ગયા હતા...'' નિખિલે ડોક હલાવીને સહમતિ દર્શાવી.

મધુ મેડમે ઉમેર્યું, ''કાલે સવારે આપણે ગુફાઓ એક્સપ્લોર (શોધવા) કરવા જઈશું. ગાઢ જંગલમાંથી પસાર થવાનું છે. એટલે બધાએ બે બેની જોડીમાં જવાનું રહેશે.''

મેડમે એક પછી એક બધી જોડીના નામ એનાઉન્સ કર્યા. છેલ્લી જોડીનું નામ બોલ્યા, ''અનાયા અને નિખિલ''. નિખિલને ધ્રાસકો પડ્યો. પણ એ ચૂપ રહ્યો.

બીજા દિવસે જ્યારે બધા બાળકો બહુ ઉત્સાહમાં હતા ત્યારે નિખિલ મહાપરાણે અનાયા સાથે ચાલી રહ્યો હતો. અનાયાને અકળાવવા નિખિલ ખૂબ ધીમો ચાલતો હતો. અંતે બધા એમનાથી ખૂબ આગળ નીકળી ગયા.

ત્યાં તો નિખિલનો પગ, પાંદડાંઓથી ઢંકાયેલ એક બખોલ પર પડ્યો અને એ નીચે લપસ્યો. લપસવા જતાં એણે અનાયાનો હાથ પકડી લીધો અને બંને એક અંધારા ભોંયરામાં પછડાયા.

''ઓહ નો ! આ આપણે ક્યાં આવી ગયા ?'' નિખિલ અને અનાયા ભયભીત બની ગયા.

''હેલ્પ ! હેલ્પ ! કોઈ છે ?'' અનાયા અને નિખિલે ખૂબ બૂમો પાડી. પણ એમનો અવાજ સાંભળવાવાળું ત્યાં કોઈ જ નહોતું.

નિખિલ બેબાકળો બની ગયો, ''હવે, શું થશે ?'' આપણને બહાર નીકળવાનો રસ્તો કેવી રીતે જડશે ? ''અહીંયા તો કશું જ દેખાતું નથી !''

બીજી બાજુ, અનાયા સ્થિર બનીને ઉપાય વિચારી રહી હતી. એણે જોયું કે અંધારી ગુફામાં સૂર્યનું એક કિરણ પડી રહ્યું હતું. અનાયાને એક યુક્તિ સૂઝી. એક હાથમાં એણે પોતાના ચશ્મા પકડ્યા અને બીજા હાથમાં નીચે પડેલી લાકડાની ડાળી લીધી. ચશ્માના કાંચને મેગ્નીફાયીંગ ગ્લાસ તરીકે ઉપયોગ કરીને, એણે સૂર્યનું કિરણ કાચ પર ફોકસ કર્યું. થોડી જ ક્ષણોમાં એ ડાળીમાં એક જ્યોતિ પ્રગટી.

''વાઉ !,'' નિખિલ તો અનાયાની સૂઝ જોઈને દંગ રહી ગયો.

''ચાલ નિખિલ, હવે આપણને બહાર નીકળવાનો રસ્તો જડી જશે,'' અનાયાએ નીડરતાથી કહ્યું.

બંનેએ મળીને બે-ત્રણ ડાળીઓ પર જ્યોતિ પ્રગટાવી. પ્રકાશ થયો અને થોડી જ વારમાં બહાર જવાનો રસ્તો પણ જડી ગયો.

જોયું કે થોડે દૂર મધુ મેડમ એક સિક્યોરિટી ગાર્ડ સાથે વાતો કરી રહ્યા હતા.

''મેડમ !!'' અનાયાએ મોટેથી બૂમ પાડી અને દોડતી જઈ મેડમને વળગી પડી. પાછળ નિખિલ પણ આવી ગયો.

મેડમ બંને બાળકોને ભેટી પડ્યા.

"થેંક-ગોડ, તમે સુરક્ષિત છો !" મેડમના અવાજમાં જબરદસ્ત રાહત હતી.

બાળકોએ આખો પ્રસંગ વર્ણવ્યો. સિક્યોરિટી ગાર્ડે બંને બાળકો સાથે શેક હેન્ડ કર્યા. "ગ્રેટ જોબ ! લીટલ ચેમ્પ્સ," કહી એમણે ત્યાંથી વિદાય લીધી.

નીખીલની આંખો નમ હતી. "આઈ એમ વેરી સોરી અનાયા," ધીમા અવાજે નિખિલ બોલ્યો, "હું હંમેશાં તારી મશ્કરી કરતો હતો કે તને બરાબર દેખાતું નથી. પણ દેખાતું તો મને નહોતું. જો, આજે તને આ ઉપાય ન દેખાયો હોત તો ખબર નહીં શું થાત !"

"ધેટ્સ ઓકે નિખિલ," અનાયાએ કહ્યું.

મધુ મેડમ શાંતિથી બંને બાળકોનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

"મેડમ, અત્યારે હું પેલા ગંદા જાયન્ટ્સ જેવો લાગું છું." નિખિલની આંખમાંથી આંસુનું ટીપું સરી પડ્યું.

"નિખિલ, એ જાયન્ટ્સ પાસે તો મશ્કરીનું પરિણામ ભોગવ્યા સિવાય કોઈ રસ્તો નહોતો. પણ તેં તો છૂટવાના રસ્તે પહેલું પગલું માંડી લીધું," મેડમે કહ્યું.

"કયું પગલું ?" નિખિલને કંઈ સમજાયું નહીં.

"જે ક્ષણે તને તારી ભૂલ સમજાઈ અને પસ્તાવો થયો, તે જ ક્ષણે તેં મશ્કરીના પરિણામમાંથી છૂટવાનું પહેલું પગલું માંડ્યું !" મેડમે સમજાવ્યું.

આ સાંભળી નિખિલે હળવાશ અનુભવી.

કેમ્પ સાઈટ પર બાળકો અધીરાઈથી નિખિલ અને અનાયાની રાહ જોઈ રહ્યા હતા. એમને જોતાં જ બાળકો ખુશખુશાલ થઈ ગયા.

"આજે રાત્રે આઈસ્ક્રીમ પાર્ટી હો જાયે !" મધુ મેડમે એનાઉન્સ કર્યું.

તે રાત્રે બાળકોએ આઈસ્ક્રીમ સાથે નિર્દોષ ગમ્મતની મજા માણી.



# Play with Words



**શું તમને વાર્તાઓમાં થોડા શબ્દ અઘરા લાગ્યા?**
**ચાલો શોધીએ એ અઘરા શબ્દોના સહેલા અર્થ...**

1. કટાક્ષ - (A) આક્ષેપ (B) દ્રાક્ષ (C) રંગ
2. પરાકાષ્ઠા - (A) નાસ્તો (B) હદ (C) રમકડું
3. ધ્રાસકો - (A) કાંસકો (B) ફાળ (C) ચોટલી
4. પજવણી - (A) રમવું (B) સાવરણી (C) હેરાન કરવું
5. સ્કોલરશીપ - (A) શિષ્યવૃત્તિ (B) હોડી (C) શર્ટ
6. બિહામણું - (A) આમળું (B) ડરામણું (C) કેરી
7. કોન્ફીડન્ટ - (A) કોફી (B) દાંત (C) આત્મવિશ્વાસ
8. ઘાતક - (A) હત્યા કરનારું (B) ચકલી (C) વરસાદ

## Fun Fact




* ખાસ નોંધ: બાળકોએ આ પ્રયોગ વડીલોની હાજરીમાં જ કરવો.

કાગળ પર બિલોરી કાચ અથવા ચશ્માને ગોઠવી સૂર્યના કિરણો સીધા તેના પર પડે તેવી રીતે પકડી રાખવાથી એક પ્રકાશનું બિંદુ દેખાશે. તમે જોશો થોડી મિનિટોમાં સૂર્યની ગરમીથી કાગળમાંથી ધુમાડો નીકળતો દેખાશે. અને કાગળમાં અગ્નિ પ્રગટ થશે. આ રીતે માચીસ વગર પણ અગ્નિ ઉત્પન્ન થઈ શકે છે. આ ક્રિયાને વકીભવનની ક્રિયા કહે છે.



# આ તો નવી જ વાત !





જેમ કોઇ દોરડું ખેંચતું હોય ને આપણે ખેંચ્યું જ નહીં અથવા ઢીલું મૂક્યું તો સામાને દોરડું ખેંચવાની મજા જ ન આવે.

એમ કોઇ મશ્કરી કરે ત્યારે આપણે અડવા નહીં દેવાનું. તો એ બંધ થઇ જશે. જ્યાં સુધી કોઇ આપણી મશ્કરી કરે અને આપણે દુઃખી થઇએ છીએ, ત્યાં સુધી એને આપણી મશ્કરી કરવાની મજા આવે.



મશ્કરીના
પરિણામે સામો
ડિપ્રેશનમાં પણ
જઇ શકે છે.

મશ્કરી કોણ કરે? જેને પોતાને અંદર જપ નથી, શાંતિ નથી. એટલે એ બીજાને છંછેડે, મજાક કરી આવે, દુઃખ આપી આવે ત્યારે એને સુખ આવે.





# જીવંત ઉદાહરણ

Born: 12 May 1997 (Coppell, Texas, United States)
Age: 22 years
Weight: 145 kg
Height: 1.96 m
Nationality: American
School: The University of Texas at Austin

કોનર વિલિયમ્સ એટલે ફૂટબોલ જગતના એક ચમકતા સિતારા. સફળતાના શિખરે પહોંચતા પહેલા કોનરે મશ્કરીનો ભયાનક સામનો કરેલો. એ સમયની એક વાત છે, જે કોનરે એક હૃદયસ્પર્શી પત્રમાં દર્શાવી.

મારી મશ્કરી ઉડાવનાર વહાલા મિત્રો,

થેંક યુ !

ના, આ હું કટાક્ષમાં નથી કહી રહ્યો. અને મને તમારા પ્રત્યે કોઈ વેરભાવ કે ગુસ્સો પણ નથી. હું તો હૃદયથી તમારો આભાર માનું છું. તમારી પજવણી વગર કદાચ આજે હું આ સ્તરે પહોંચી ન શક્યો હોત.

નાનપણથી જ મને બોલવામાં તકલીફ હતી. એટલે મને બોલવું ગમતું નહીં. પ્રેઝન્ટેશન આપતાં મને ગભરામણ થતી કારણકે મારી મજાક ઉડાવવાની એક પણ તક તમે છોડી નહીં. અધૂરામાં પૂરું હું ગોળમટોળ હતો. મારા વજનની મશ્કરી કરવા, કોઈપણ શબ્દ તમે મને કહેવાનો બાકી નહોતો રાખ્યો.

ક્યારેક મને તમારી સાથે હરવા-ફરવાનું ખૂબ મન થતું. ઘણીવાર તમારી સાથે એક્ટીવીટીમાં જોડાવવાની મેં ઈચ્છા વ્યક્ત કરી. પણ તમે મને ક્યારેય સામેલ ન કર્યો. તમને અંદાજ પણ નથી કે મારું દિલ કેટલું તૂટી જતું. તમે હંમેશાં મને એકલો પાડ્યો...સાવ એકલો.

એક દિવસ પણ એવો યાદ નથી કે જ્યારે હું રડીને સ્કૂલેથી ન આવ્યો હોઉં. રોજ રાત્રે હું પ્રાર્થના કરતો કે હું બદલાઈ જાઉં અથવા તો મને જોવાની તમારી દ્રષ્ટિ બદલાઈ જાય.

તમને ખ્યાલ છે કે નાપસંદગી અને એકલવાયાપણું કેવું ઘાતક હોય ? મારા પેરેન્ટ્સના પ્રેમ અને હૂંફ વગર એ કપરો સમય હું વીતાવી ન શક્યો હોત.

એક સમય આવ્યો કે મારી સહનશક્તિની પરાકાષ્ઠા આવી ગઈ. મેં મારા ડેડીને જઈને કહ્યું, "મારે આવા નથી રહેવું. મારે બદલાવું છે." ડેડી મારા આ જ શબ્દોની રાહ જોઈ રહ્યા હતા. આંતરિક તૈયારી થતાંની સાથે જ મારામાં જબરદસ્ત પરિવર્તન આવ્યું. બીજા જ દિવસથી હું સવારે ૫:૩૦ વાગે ઊઠીને કસરત કરવા લાગ્યો. ડેડીએ મારે માટે રૂટીન બનાવ્યું અને હું સિન્સયરલી એ ફોલો કરવા લાગ્યો.

જેનાથી બદલાવ ફક્ત મારા શરીરમાં જ નહીં, મારા આત્મવિશ્વાસમાં પણ આવ્યો. હું ખૂબ કોન્ફીડન્ટ બની ગયો. અને બસ, ત્યારથી મેં ક્યારેય પાછળ ફરીને નથી જોયું.

ફૂટબોલ ટીમમાં મારું સિલેક્શન થયું. જુનિયર સીઝનમાં મને દેશની નામી યુનિવર્સિટી માંથી લગભગ ૩૭ જેટલી સ્કોલરશીપ ઓફર્સ મળી. અચાનક, તમે સહુ મારી સાથે દોસ્તી કરવા માટે તૈયાર થઈ ગયા.

ફૂટબોલ જેવી સિમ્પલ ગેમ તમારા જેવા લોકોની દ્રષ્ટિ કેટલી બદલી શકે છે. તમારા લોકોની મશ્કરીએ મારું ઘડતર કર્યું છે. મને એ વાતનો આનંદ છે કે હું એ બાળક હતો જેની મશ્કરી થઈ, અને એ નહીં કે જેણે મશ્કરી કરી. હું ક્યારેય ઈચ્છીશ નહીં કે મારી સાથે જે વીત્યું એ કોઈની સાથે વીતે. પણ એ વાત ચોક્કસ છે કે તમારા વગર હું સફળતાના શિખરે ક્યારેય ન પહોંચી શક્યો હોત.


તમે મને નમ્રતા, આદર અને કાળજી શીખવી. તમે મને ફ્રેન્ડશીપ અને ફેમીલીનું મહત્વ શીખવ્યું.


મને આશા છે કે મશ્કરીનું પાત્ર બનીને જેટલું હું શીખ્યો છું, એટલું મશ્કરી કરીને આજે કદાચ તમે પણ શીખ્યા હશો.



# My Creation

# Sorry Card




**FRIENDS,** આ કાર્ડ બનાવી તમારી ક્રીએટીવીટી વધારો અને ખાસ તમારાથી જેમને પણ દુઃખ અપાયું છે તેમને આ કાર્ડ આપી માફી માંગી હળવાફૂલ બની જાવ...

**QR Code ને Scan કરી Sorry Card નો Making Video જુઓ**

Play with Words

1 - (A) 3 - (B) 5 - (A) 7 - (C)

2 - (B) 4 - (C) 6 - (B) 8 - (A)

# અડાલજ ત્રિમંદીર ખાતે પૂજ્યશ્રીની હાજરીમાં ઉજવાયેલ જનમાષ્ટમીની ઝલક...

# HAPPY JANMASHTAMI





પપેટ શો





મટકી ફોડ









Akram Express

September 2019
Year : 12, Issue : 1
Conti. Issue No.: 133

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# અડાલજ ત્રિમંદીર ખાતે આવેલ 'સુખની દુકાન'નું Re Opening કરતાં પૂજ્યશ્રી






**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.